**સરકારી નોકરી કરતી મહિલાઓની જાતિય સતામણી અટકાવવા "આંતરિક સમિતી"ની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૦-૨૫૯૭૭૩-ક
સચિવાલય, ગાંધીનગર
તા. -૦૫-૨૦૨૩

**વંચાણે લીધાઃ-**
(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૨-૦૪-૨૦૨૨નો કાર્યાલય આદેશ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૦–૨૫૯૭૭૩-ક

**કાર્યાલય આદેશઃ-**

ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા તા.૨૩-૪-૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા અન્વયે સરકારશ્રીના વિભાગો અને કચેરીઓ, રાજય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશનો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, સરકાર માન્ય સ્વાયત્ત સંસ્થાઓમાં નોકરીના સ્થળોએ નોકરી કરતી મહિલાઓ સાથે થતી જાતિય સતામણી સંબંધમાં થતી ફરિયાદોના નિવારણ માટે અને સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શક સૂચનાઓ મુજબ દરેક વિભાગ કક્ષાએ પણ આવી સમિતિની રચના કરવાની રહે છે. તેથી મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરીમાં ફરજ બજાવતી મહિલાઓની ફરિયાદોના નિવારણ માટે વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના કાર્યાલય આદેશથી મહિલાઓની ફરિયાદોના નિવારણ માટે "આંતરિક સમિતિ" સમિતિની રચના કરવામાં આવેલ હતી. તે અંગે પુખ્ત વિચારણાને અંતે વહીવટી કારણોસર આ સમિતિની રચના હવે નીચે દર્શાવેલ વિગતે કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | સુશ્રી મનીષા વી. પટેલ, નાયબ સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨. | સુશ્રી દીપીકાબેન પરમાર, સેકશન અધિકારીશ્રી | સભ્ય |
| ૩. | સુશ્રી ઇન્દુબેન સરધારા, નાયબ સેકશન અધિકારીશ્રી | સભ્ય |
| ૪. | શ્રી જયેશ આઈ.લેઉવા, ઉપસચિવશ્રી | સભ્ય |
| ૫. | સુશ્રી સોનલ જોષી (એડવોકેટ) | બિનસરકારી સભ્યશ્રી |

- સમિતિનું કાર્યક્ષેત્ર મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર પુરતુ રહેશે.
- સમિતિમાં નિયુક્તિ પામેલ અધિકારી / કર્મચારીઓની મુદત નિમણૂંકની તારીખથી ૩ વર્ષની અથવા તેઓની બદલી / નિવૃત્તિ જેવા પ્રસંગોએ, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી રહેશે અને પુનઃ નિયુક્તિ માટે પાત્ર થશે.
- સમિતિ તેને મળેલી ફરિયાદો પર ચર્ચા વિચારણા કરશે અને તેના નિવારણ માટે યોગ્ય પગલાં લેવા સરકારશ્રીને જરૂરી ભલામણો કરશે.
- સમિતિના બિનસરકારી સભ્યોને નિયમ અનુસાર બેઠકના દિવસ માટે ભથ્થું અને પરિવહન ખર્ચ આપવામાં આવશે.

(આર.આર.પ્રજાપતિ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી (મબાક)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓ.
- સુશ્રી સોનલ જોષી (એડવોકેટ) બિનસરકારી સભ્યશ્રી, ૧૦૨/૧૨૮૭, ઉદય એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલિફોન એક્સચેન્જની પાછળ, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટની સામે, શાસ્ત્રીનગર, અમદાવાદ.
- તમામ ખાતાના વડાની કચેરીઓ.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ /શાખાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેકટ ફાઈલ.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2023.07.11 18:13:25 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign